જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩/૯/૨૦૧૫ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૭૮૦/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૭ કેસ કરી અને ૧૮ વ્યક્તિઓને ઝડપી ૬૬ લીટર દેશી દારૂ, ૫૯ બોટલ ઇગ્લીશ દારૂ, ૯૨ ક્વૉટર ઇગ્લીશ દારૂ, ૧૨ બિયર ટીન અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૭૨,૫૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૮૧/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિની અટકાયત કરી હતી.

**બળાત્કારની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૭૮૨/૧૫**

**નરોડા :** રાણીપ વિસ્તારમાં રહેતી ૨૦ વર્ષની યુવતીએ તા.૨/૯/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે કે આરોપી વિપુલ દિનેશભાઇ પંચાલ (રહે.હિમાંશુ સોસાયટી, રામજી મંદિર રોડ, રાણીપ) એ યુવતીને લગ્ન કરવાની લાલચ આપી તા.૨૧/૭/૧૫ થી તા.૨૩/૭/૧૫ સુધીનાં સમયગાળા દરમ્યાન નરોડા દેહગામ રોડ, જી.ઇ.બી.પાસે, વ્રજભુમી એપાર્ટમેન્ટ ખાતે, યુવતીની મરજી વિરૂધ્ધ બળજબરીથી શરીર સબંધ બાંધી, યુવતીનાં પિતા અને ભાઇને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.બી.રાણા ચલાવે છે.

**વાહનચોરી :-** **સમાચાર યાદી નં.૧૭૮૩/૧૫**

**નારણપુરા :** ઋષીક દિપકભાઇ મોદી (રહે.શકલ એપાર્ટમેન્ટ, નારણપુરા પોસ્ટ ઓફીસ સામે, નારણપુરા) એ તા.૧/૯/૧૫ રાતનાં ૧૧/૦૦ વાગે નારણપુરા સંઘવી હાઇસ્કુલની બાજુમાં, અભિષેક એપાર્ટમેન્ટની બાજુમાં, એ.એન.સી.એલ્યુમીનીયમ ગ્લાસ પ્રા.લી.નામની ઓફીસ આગળ પોતાની મહિન્દ્રા બોલેરો પીક અપ ગાડી નંબર જીજે ૦૯ એ.વી. ૮૧૨૨ કિમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨/૯/૧૫ સવારનાં ૯/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ ઋષીક મોદીએ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.કે.સોલંકી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૭૮૪/૧૫**

**કૃષ્ણનગર :** તા.૨/૯/૧૫ સવારનાં ૧૦/૦૦ વાગ્યાના સુમારે કૃષ્ણનગર, મારૂતી પ્લાઝા નજીક ટ્રક નંબર જીજે.૧૬.ડબલ્યુ.૯૧૬૩ ના ચાલકે ટ્રક પુરઝડપે અને બેદરકારીથી ચલાવી, અજાણ્યા પુરૂષને ટક્કર મારતાં તેનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે કૃષ્ણનગર પોલીસે ટ્રકનાં ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એસ.અસારી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૭૮૫/૧૫**

**રિવરફ્રન્ટ (વેસ્ટ) :** સાવનભાઈ ધનજીભાઇ ગજરે (ઉ.વ.૨૫)(રહે.વૈશાલી ફ્લેટ, નિકોલ રોડ, બાપુનગર) એ કોઇ કારણસર ડેપ્રેશનમાં આવી તા.૨/૯/૧૫ નાં કલાક ૬/૦૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે સાબરમતી નદીનાં પશ્ચીમ કિનારે ગાંધીબ્રીજ નીચે નદીમાં પડી ડુબી જઇ, આત્મહત્યા કરી લીધી છે. આ અંગે રીવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી ખોડાભાઇ અરજણભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)